# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 29-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

---

1) સંસદના બંને ગૃહોની કામગીરીમાં વિરોધપક્ષોના સતત વિક્ષેપને પગલે રાજ્યસભા અને લોકસભા સોમવાર સવાર સુધી મુલતવી.
2) ગુનાખોરીમાં વધારો અને ખેડૂતોના મુદ્દે સંસદ પરિસરમાં વિપક્ષોનું વિરોધ પ્રદર્શન.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે.
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભુવનેશ્વરમાં અખિલ ભારતીય ડીજીપી કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે.
5) વિશ્વ-વિદ્યાલય અનુદાન આયોગ સ્નાતક વિદ્યાર્થીઓ માટે પદવી અભ્યાસક્રમોનો સમયગાળો ઘટાડવા અથવા વધારવાનો વિકલ્પ આપશે

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

***PARL ADJOURNED***

વિરોધપક્ષોના હોબાળા અને શોરબકોરને કારણે સંસદના બંને ગૃહોની કામગીરી સોમવાર સવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. આજે શિયાળુ સત્રના સતત ચોથા દિવસે પણ એક અગ્રણી વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપો સહિત વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના વિરોધને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ખોરંભે પડી ગઇ હતી

લોકસભાની કાર્યવાહી શરૂ થતા જ હોબાળાના પગેલ બપોરે 12 વાગ્યા સુધી ગૃહની કાર્યવાહીને સ્થગિત કરી દેવાઇ હતી. પંરતુ વિપક્ષો દ્વારા સતત હોબાળો અને શોરબકોર યથાવત રખાતા ફરી શરૂ થયેલી લોકસભાની કાર્યવાહી પણ સોમવાર સુધી સ્થગિત કરવાની અધ્યક્ષને ફરજ પડી હતી

રાજ્યસભામાં પણ સ્થિતિ જેમની તેમજ રહી હતી. આજે સવારે જ્યારે ગૃહની બેઠક મળી, ત્યારે અધ્યક્ષ જગદીપે વિરોધ પક્ષોના સભ્યો દ્વારા આપવામાં આવેલી ગૃહની કામગીરી સ્થગિત કરવાની નોટિસને નકારી કાઢી હતી. શ્રી. ધનખરે કહ્યું કે, નિયમ 267નો ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ પાડવાના હથિયાર તરીકે ઉપયોગ થઇ રહ્યો છે.. સતત વિક્ષેપ અંગે આક્રોશ વ્યક્ત કરતાં અધ્યક્ષે કહ્યું કે, વિરોધ કરી રહેલા સભ્યોએ ટીકા પાત્ર દાખલો બેસાડ્યો છે અને ગૃહ લોકોની અપેક્ષાઓ પર ખરૂ ઉતરી રહ્યું નથી. તેમણે કહ્યું કે, લોકો સાંસદોના વ્યવહારની મજાક ઉડાવી રહ્યા છે. જોકે વિરોધ પક્ષોએ સૂત્રોચ્ચાર ચાલુ રાખતા કાર્યવાહીને સ્થગિત કરી દેવાઇ હતી.

## *PARA OPPOSITION*

આમ આદમી પાર્ટીના સાંસદોએ આજે દિલ્હીમાં ગુનાખોરીમાં વધી રહી હોવાનો આરોપ લગાવીને સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પત્રકારો સાથે વાત કરતા પાર્ટીના નેતા સંજય સિંહે કહ્યું કે કેન્દ્ર સરકારે શહેરમાં ગુનાખોરી રોકવા માટે પગલાં લેવા જોઈએ.

બીજી તરફ પંજાબના કોંગ્રેસના સાંસદોએ પણ સંસદ સંકુલમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લઘુત્તમ ટેકાના ભાવે પાકની ખરીદી કરી રહ્યું નથી. વધુ આક્ષેપો કરતાં આ સાંસદોએ જણાવ્યું હતું કે ખેડૂતો તેમના પાકને એમએસપીથી નીચે વેચવા માટે મજબૂર બન્યાં છે. પંજાબના ખેડૂતોને અન્યાય થઈ રહ્યો હોવાનો આરોપ લગાવતા, સાંસદ અને પંજાબ કોંગ્રેસના વડા અમરિન્દર સિંહ રાજા વારિંગે આ મામલે તપાસ કરવા માટે સમિતિની રચના કરવાની માંગ કરી હતી સાથોસાથ રાજ્યમાં ખેડૂતો માટે ડીએપી ખાતર પણ ઉપલબ્ધ નથી તેવો પણ તેમણે આરોપ લગાવ્યો હતો.

## *REV. PM-ODISHA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઓડિશાની ત્રણ દિવસની મુલાકાતે જશે. ભુવનેશ્વર ખાતે અખિલ ભારતીય મહાનિદેશકો અને પોલીસ મહાનિરીક્ષકોની પરિષદ સહિતના વિવિધ કાર્યક્રમોમાં પ્રધાનમંત્રી હાજરી આપશે..

લોક સેવા ભવન ખાતે આજથી 3 દિવસીય સંમેલન શરૂ થશે. આ પરિષદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સહિતના મહાનુભાવો પણ હાજરી આપશે. તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ મહાનિદેશકો અને કેન્દ્રીય અનામત પોલીસ દળ-CRPF, RAW, NSG, ગુપ્તચર સંસ્થા અને SPGના વડાઓ પણ આ પરિષદમાં ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રીય સુરક્ષા પડકારો અને પોલીસ દળોની વિકસતી જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા આ પરિષદનનું આયોજન કરાયું છે. એજન્ડામાં આંતરિક સુરક્ષા, સાયબર ગુના, માઓવાદી ખતરા અને કૃત્રિમ બુદ્ધિમત્તા – AI અને ડ્રોન જેવી ઉભરતી ટેક્નોલોજીઓ દ્વારા ઊભા થયેલા પડકારો પર આ પરિષદમાં ચર્ચા કરાશે.

## *PM & AMIT SHAH DGP CONFERENCE*

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ભુવનેશ્વરમાં પોલીસ મહાનિરીક્ષક અને મહાનિરીક્ષકની અખિલ ભારતીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. ત્રણ દિવસીય પરિષદ માં આંતરિક સુરક્ષા, સાયબર ક્રાઈમ, આતંકવાદ, માઓવાદી ખતરો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડ્રોન જેવા ઉભરતા પડકારો પર પણ ચર્ચા કરવામાં આવશે.. આ પરિષદ વરિષ્ઠ પોલીસ અધિકારીઓને ગુના નિયંત્રણ, કાયદો અને વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

## *PM TOURISM*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રવાસન અનેક જીવનમાં સમૃદ્ધિ લાવવાની ક્ષમતા ધરાવે છે. પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે એક સોશિયલ મીડિયા પોસ્ટ માં પર્યટન કેન્દ્રો વિકસાવવા માટે 40 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવાની જાહેરાત કરી હતી, શ્રી મોદીએ જણાવ્યું હતું કે સરકાર ભારતના પ્રવાસન માળખાને વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખશે. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રયાસ સુનિશ્ચિત કરશે કે વધુ લોકો અતુલ્ય ભારતના અજાયબીઓનો અનુભવ કરી શકે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર

માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## *UGC DEGREES*

વિશ્વ-વિદ્યાલય અનુદાન આયોગ ટૂંક સમયમાં સ્નાતક વિદ્યાર્થીઓ માટે પદવી અભ્યાસક્રમોનો સમયગાળો ઘટાડવા અથવા તેને વધારવાનો વિકલ્પ આપશે. આયોગે ઝડપી અને વિસ્તૃત અભ્યાસક્રમ કાર્યક્રમ માટે પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયાઓને મંજૂરી આપી દીધી છે.

આયોગના અધ્યક્ષ જગદીશ કુમારે માધ્યમોને જણાવ્યું કે, ઝડપી પદવી અભ્યાસક્રમથી વિદ્યાર્થીઓને સેમિસ્ટરદીઠ વધારાની ક્રેડિટ સાથે ઓછા સમયમાં 3 વર્ષ અથવા 4 વર્ષની પદવી મેળવી શકશે.

## *BANGLADESH ISCON*

બાંગ્લાદેશ સરકારે સ્પષ્ટ કર્યું કે, દેશમાં ઇસ્કોન પર પ્રતિબંધ લગાવવા અંગે કોઈ વિચાર-વિમર્શ નથી કરાયો. વચગાળાની સરકારમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન સંબંધિત સલાહકાર સૈયદા રિઝવાન હસને ગઈકાલે ઢાકામાં સંવાદદાતાઓ સાથે વાતચીત દરમિયાન આ મુજબ જણાવ્યું હતું.

ચિન્મય કૃષ્ણાદાસ બ્રહ્મચારીની ધરપકડ અંગે સુશ્રી રિઝવાનાએ કહ્યું કે, વિશેષ આરોપના આધારે તેમની ધરપકડ કરાઈ હતી અને તેમની ઉપર હાલમાં કેસ ચાલી રહ્યો છે. તેઓ દોષીત છે કે નિર્દોષ તે અંગે નિર્ણય અદાલત કરશે.

## *RAJENDRA PRASAD MEMORIAL LECTURE*

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણ આજે આકાશવાણીનું પ્રતિષ્ઠિત વાર્ષિક ડૉ. રાજેન્દ્ર પ્રસાદ મેમોરિયલ વ્યાખ્યાન 2024 આપશે. વ્યાખ્યાનનો વિષય છે "વૈશ્વિક ક્ષિતિજ પર ભારતની વધતી ભૂમિકા". આ વ્યાખ્યાન આકાશવાણીના પરિસરમાં રંગભવન ખાતે યોજાશે અને દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે 3જી ડિસેમ્બરે પ્રસારિત કરવામાં આવે છે.

## *SL-INDIA NAVY*

ભારતીય નૌકાદળે શ્રીલંકાના સહયોગથી આજે અરબી સમુદ્રમાં બે માછીમારી બોટમાંથી અંદાજે પાંચસો કિલોગ્રામ માદક દ્રવ્યોનો જથ્થો જપ્ત કર્યો છે. નૌકાદળે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે તેણે શ્રીલંકાના નૌકાદળના સહયોગથી ડ્રગ્સ લઈ જતી બોટને જપ્ત કરી હતી.

શ્રીલંકાનું નૌકાદળ આ બંને બોટ અને ખલાસોની તપાસ કરી રહ્યું છે.

## *TN CYCLONE*

દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પર સર્જાયેલા ભારે દબાણ - ડીપ ડિપ્રેશન ગઈકાલે મધ્યરાત્રિથી તમિલનાડુના નાગાપટ્ટિનમથી લગભગ 330 કિલોમીટર પૂર્વમાં કેન્દ્રિત છે. આ વાવાઝોડું નવ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને હવાઈ મથક સત્તામંડળે પ્રતિકૂળ હવામાનને કારણે મુસાફરોને તેમની ફ્લાઇટના સમયની પુષ્ટિ કરવા જણાવ્યું છે. આગામી 24 કલાક સુધી નાના હવાઇજહાજ નું સંચાલન કરવામાં નહીં આવે.

## *JK TERROR*

જમ્મુ-કાશ્મીર પોલીસે ગઈકાલે ડોડાના ભદ્રવાહમાંથી આતંકવાદીઓના એક સહયોગીની ધરપકડ કરી છે. વરિષ્ઠ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે, આરોપી સોશિયલ મીડિયાના માધ્યમથી સરહદ પાર આતંકવાદી સંગઠનો સાથે સંપર્કમાં હતો.

શંકાસ્પદના ઘરની તપાસ કરતાં આપત્તિજનક સામાન અને દસ્તાવેજ કબજે કરાયા છે. આરોપી પાકિસ્તાનમાં સક્રિય આતંકવાદી સંગઠનો સાથે મળીને ડોડા અને આસપાસના વિસ્તારોમાં હુમલાનું ષડયંત્ર રચી રહ્યો હતો.

## *GEORGIA GOVT.*

જ્યોર્જિયામાં પ્રધાનમંત્રી ઇરાકિલ કોબાખિજેએ સંસદમાં વિશ્વાસ-મત હાંસલ કરી લીધો છે. આના કારણે નવી સરકારની કામગીરી સંભાળવાનો માર્ગ મોકળો થયો છે. સરકાર વિદેશ, પર્યાવરણ અને કૃષિ મંત્રીઓની નિમણૂક પણ કરી શકશે.

## *PM MANGAL MUNDA*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસા મુંડાના વંશજ મંગલ મુંડાના નિધન પર દુખ વ્યક્ત કર્યું છે. તેમના સંદેશમાંશ્રી મોદીએ મંગલ મુંડાના નિધનને માત્ર તેમના પરિવાર માટે જ નહીં, પરંતુ ઝારખંડના આદિવાસી સમુદાય માટે મોટી ખોટ સમાન ગણાવી હતી.

## *ISRAEL HEZBOLLAH*

ઈઝરાયેલે જણાવ્યું કે, હિઝબુલ્લા દ્વારા રખાયેલા મધ્યમ અંતરના રોકેટના સ્થળો પર તેમની વાયુસેનાએ હુમલા કર્યા હતા. બંને પક્ષોએ એકબીજા પર

યુદ્ધવિરામના ઉલ્લંઘનના આક્ષેપ લગાવ્યા છે. લેબનૉને ઈઝરાયેલ પર બુધવાર અને ગઈકાલે અનેક વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ લગાવ્યો હતો.

અમેરિકા અને ફ્રાન્સના પ્રયાસોથી હિઝબુલ્લા અને ઈઝરાયેલ વચ્ચે આ યુદ્ધવિરામ થયો હતો.